

## મેઘરજના ભેમપુર પાસે ગેરકાયદેસર ખનન ઝડપાયું

અરવલ્લીમાં ખનન માફિયાઓ બેફામ બન્યા છે. એક પછી એક ગેરકાયદે ખનનના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે, ત્યારે મેઘરજ તાલુકાના ભેમપુર પાસે સફેદ પથ્થરનું ગેરકાયદે ખનન ચાલતું હોવાની બાતમી મેઘરજ મામલતદાર પરમારને મળતા તેમની ટિમ ભેમપુર ત્રાટકી હતી તે દરમિયાન ગેરકાયદેસર ખનન કરતાઓને ઝડપી પાડ્યા હતા અને સફેદ પથ્થરોનું ખનન કરતા જેસીબી અને ટ્રક સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. મામલતદારે જિલ્લા ખાણ ખનીજ અને પોલીસને કરી જાણ ફોજદારી ગુનો નોંધવાના આદેશ કર્યો હતા. ખનન ચોરી ઝડપાતા ખનન માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો હતો. સમગ્ર મામલે જિલ્લા ખાણ ખનીજ વિભાગ અને પોલીસ દ્વારા કસૂરવાર સામે દંડનાત્મક કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# શિક્ષકની બેદરકારીથી વિદ્યાર્થી રાતભર વર્ગખંડમાં રહ્યો

## મેઘરજના છીકારી પ્રાથમિક શાળાના શિક્ષકોની ઘોર બેદકારી

મેઘરજ, તા. ૩

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારની છીકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૬ના વિદ્યાર્થીને વર્ગ શિક્ષકોની બેદરકારીનો ભોગ બનવું પડ્યું હતું. શાળા છૂટવાના સમયે ક્લાસ ટીચરે વિદ્યાર્થી રૂમમાં હોવા છતાં બહારથી તાળું મારી રફુચક્કર થતા બાળકે કડકડતી ઠંડીમાં રાત વિતાવવી પડી હતી. બાળક શાળાએ ગયા બાદ ઘરે પરત ન ફરતા તેના પરિવારજનોએ પણ આખી રાત વ્હાલ સોયા પુત્રને શોધવા રઝળપાટ કરી આંખો વિસ્તાર ખુંદી નાખ્યો હતો. બાળક ન મળતા પરિવારજનોમાં ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. વહેલી સવારે પરિવારજનોએ શાળામાં તપાસ કરતા બાળક ક્લાસ રૂમમાંથી થર થર કાંપતી હાલતમાં હેમખમ મળી આવતા હાશકારો અનુભવ્યો હતો. સમગ્ર ઘટનાના પગલે પરિવારજનો અને ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. જીલ્લા શિક્ષણાધિકારી એ.કે. મોઢે મેઘરજ તાલુકા શિક્ષણાધિકારીને તપાસના આદેશ આપી દીધા હતા.



છીકારી પ્રાથિમક શાળામાં ધોરણ-૬માં અભ્યાસ કરતો મૌલિક રમેશભાઈ ખરાડી નામનો વિદ્યાર્થી બુધવારે સાંજે ક્લાસ રૂમમાં હોવા છતાં શાળા છૂટવાના સમયે શિક્ષકે ગંભીર બેદરકારી દાખવી ક્લાસ રૂમને બહારથી તાળું મારી શાળાના શિક્ષકો ઘરે જતા રહેતા બાળક રૂમમાં પુરાઈ જતા ઘરે ન પહોંચતા પરિવારજનોમાં ફાળ પડી હતી. તેના સહાધ્યાયીઓને પરિવારજનોએ પુછાતા મૌલિક અંગે કઈ જાણતા ન હોવાનું જણાવતા બાળક ગુમ થવાની ઘટનાના પગલે ભારે ચકચાર મચી હતી. પરિવારજનોએ સમગ્ર વિસ્તારમાં ભારે શોધખોળ પછી બાળક શાળામાં તો નહિ રહી ગયું હોયનો વિચાર આવતા બાળકના પિતા શાળાના આચાર્યના ઘરે જઈ શાળાની ચાવી લઈ આવતા ક્લાસ રૂમ ખોલતાં મૌલિક બેંચીસ પરથી થર થર કાંપતી હાલતમાં મળી આવતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો. બાળકના પિતા રમેશભાઈના જણાવ્યા અનુસાર શાળાના શિક્ષકોની ગંભીર બેદરકારીના પગલે મારા પુત્ર અને પરિવારે ભારે યાતના માંથી સહન કરવું પડ્યું હતું.

શાળાના આચાર્ય વીણાબેન ભગોરાએ ધો-૬ના વિદ્યાર્થી શાળાના ક્લાસ રૂમમાં રહી જવા અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા જણાવ્યું હતું કે શાળામાં શાળા છૂટવાના સમયે શાળામાં અભ્યાસ કરતા બાળકોની કમિટી અને શિક્ષકો દ્વારા તમામ રૂમમાં તપાસ કરવામાં આવે છે કે કોઈ બાળક રહી ગયું તો નથીને તમામ બાળકોને ઓસરીમાં એકઠા કરી ગણતરી કરી ઘરે મોકલવામાં આવે છે. બાળક કઈ રીતે ક્લાસ રૂમમાં રહી ગયું એજ ચિંતાનો વિષય અમારા માટે છે. કદાચ બાળક બેંચીસ નીચે સુઈ રહ્યો હોય અથવા એને ખેંચની બીમારી હોવાથી ખેંચ આવી ગઈ હોય અને ક્લાસમાં તપાસ કરવા ગયેલ શિક્ષક કે વિદ્યાર્થીઓની નજરમાં ના આવ્યો હોય તેમ જણાવી મને શાળા છૂટ્યા પછી બાળક ઘરે ન પહોંચી તેની તુરંત જાણકારી આપી હોત તો સમગ્ર ઘટના નિવારી શકાઈ હોત તેમ જણાવી બચાવમુદ્રામાં આવી ગયા હતા.



## અણિયોર હાઈસ્કૂલમાં યોજાયેલ રસ્સા ખેંચ સ્પર્ધા

માલપુર તાલુકાના અણિયોર હાઈસ્કૂલના વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓના સાત ગ્રુપ પાડી રસ્સાખેંચ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓમાં (ધો-૧૨-અ) દીપેશ સોનીના ગ્રૂપનો તથા વિદ્યાર્થિનીઓમાં જયાબેન ખાંટ (ધો-૧૦-અ)ના ગ્રૂપનો વિજય થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જી.એમ. દરજીએ કર્યુ હતુ. સ્ટાફમિત્રોના સહિયારા પ્રયાસોથી રસ્સાખેંચ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ અનેરો આનંદ પ્રાપ્ત કર્યો હતો. આચાર્ય એ.ડી. રાઠોડ સાહેબે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### સાબરકાંઠાના રાયગઢ રેન્જના આરએફઓએ

# ઝેરી સાપની તસ્કરીનું રેકેટ ઝડપી ૪ શખ્સોને દબોચ્યા

ઝેરી સર્પના ઝેરની દવામાં અને કેટલાક નશાના બંધારણીઓ નશા તરીકે ઉપયોગ કરતા હોવાથી ૫૦૦ ગ્રામ ઝેરની કિંમત સ્થાનિક બજારમાં અને ઈન્ટરનેશનલ માર્કેટમાં ૫૦ લાખથી વધુ ઉપજતી હોવાથી છેલ્લા કેટલાક સમયથી અરવલ્લીની ગિરિમાળાઓમાંથી ઝેરી સાપની તસ્કરી કરનાર શખ્સો સાપ પકડવાની કામગીરીના તળે કારમાં સવાર બે શખ્સોને ઝડપી પાડી તેમની સખ્તાઈપૂર્વક પૂછપૂરછ કરતા અન્ય બે શખ્સોને નામ ખુલતા દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાયગઢ વન વિભાગે સાપની તસ્કરી કરતુ એક રેકેટ ઝડપી પાડ્યુ છે. રાયગઢ વન વિભાગના આર.એફ.ઓ. કે.એચ. મકવાણાએ બાતમીના મુદ્દામાલ જપ્ત કરી વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ અંતર્ગત તપાસ હાથ ધરી હતી. વનવિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર આરોપીઓની પ્રાથમિક તપાસ હાથ ધરાતા આરોપીઓએ જણાવ્યું હતું કે ૫૦૦ ગ્રામ ઝેરી સાપના ઝેરની કિંમત ૫૦ લાખ થાય છે અને ૧૫ ઝેરી સાપ પકડે ત્યારે એક વ્યક્તિ



સર્પોની તસ્કરી કરી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા વન વિભાગના રાયગઢ રેન્જના આર.એફ.ઓ.ને આજુબાજુના જંગલોમાં કેટલાક શખ્સો ઝેરી સાપ પકડી તસ્કરી કરવામાં આવતી હોવાની અને કારમાં ઝેરી સાપ સાથે પસાર થવાના હોવાની બાતમી મળતા શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં-૪૮ પર નાકાબંધી કરી બાતમી આધારિત ઈઓન કારને અટકાવી તલાશી લેતા કારમાંથી બરણીમાં પેક કરેલા ત્રણ ઝેરી સાપ મળી આવતા આધારે રાયગઢ નજીક ઈયોન કારમાંથી પરેશ મોહનભાઈ પુરોહિત અને કિશન બાબુલાલ મિસ્ત્રીને કારમાં બરણીમાં રાખેલા ૨ કોબ્રા અને એક રસલ વાઈપર મૃત હાલતમાં મળી આવતા વનવિભાગ તંત્રના કર્મચારીઓ ચોકી ઉઠ્યા હતા. બંને શખ્સોની આકરી પૂછપરછ કરતા અન્ય બે શખ્સો સંદિપ બાબુલાલ મિસ્ત્રી અને દિવ્ય પ્રકાશ ગીરીશભાઈ સોનારાની ધરપકડ કરી એક કાર, મોબાઈલ ૩ લાખ ૪૩ હજારનો આવીને તમામ સાપ લઈ જતો હોવાનું જણાવતા અધિકારીઓ પણ ચોકી ઉઠ્યા હત.ા સાબરકાંઠાના એસીએફ યોગેશ દેસાઈના જણાવ્યા અનુસાર રાયગઢ રેન્જ દ્વારા ઝેરી સાપની તસ્કરીમાં સંડોવાયેલા ૪ આરોપીઓમાંથી ત્રણ આરોપીઓ અલગ અલગ જગ્યાએથી ઝેરી સાપ પકડવાનુ કામ કરતા હતા અને અન્ય મુખ્ય આરોપી પરેશ પુરોહિત તમામ સાપ એકત્રિત કરીને આપતો હતો અને અને એને સારી કિંમત આપતો હોવાનું જણાવ્યું.

## ધાનેરા નગરપાલિકા પ્રમુખે ચાર વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવતા ચકચાર

પાલનપુર, તા. ૩

ધાનેરા અગ્રવાલ પાસે બ્રિજ બની રહ્યો છે અને કોઈ જ ડાયવર્જન ન આપતા ટ્રાફિક જામ સર્જાય છે અને વાહન ચાલકો સહીત લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે વાહનચાલકો આ ટ્રાફિકથી બચવા માટે અંબિકાનગર સોસાયટીમાંથી બેફામ નીકળે છે ત્યારે અંબિકાનગર સોસાયટીના કેટલાક લોકો ધ્વરા ધાનેરા નગરપાલિકામાં આવી હતી. આ વાહનચાલકો બેફામ ચાલે છે જેને લઈ અહીંયા મોટો અકસ્માત સર્જાવાનો ભય છે. ત્યારે પાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટે લોકોની રજૂઆતને ધ્યાને લઈ આ દસ ફૂટના રસ્તા વચ્ચે



થાંભલા ઉભા કર્યા હતા. રસ્તા પરથી લોકો પસાર થઈ શકે પણ વાહન પસાર ન થઈ શકે તેવી વ્યવસ્થા કરી હતી પરંતુ રાત્રીના સમયે આ થાંભલા કેટલાક લોકો ધ્વરા તોડી નાખવામાં આવ્યા હતા અને જયારે સવારે લોકોને ખબર પડી કે આ થાંભલા તોડી નાખ્યા છે ત્યારે લોકોએ પાલિકા પ્રમુખને જાણ કરતા પાલિકા પ્રમુખે ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

# હવે, મોડાસામાં ૮મીએ ગરીબ કલ્યાણ મેળો યોજાશે

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લામાં અગામી તા. ૮-૧-૨૦૧૯ મંગળવારના રોજ મોડાસા ખાતે જિલ્લામાં દરિદ્રનારાયણના ઘરમાં કલ્યાણનો દીપ પ્રગટાવવા તેમજ છેવાડાના લોકો સુધી સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો આપવા માટે ગરીબ કલ્યાણ મેળો યોજનાર છે. આ ગરીબ કલ્યાણ મેળો સુચારુ રીતે પાર પડે તે માટેની પૂર્વ તૈયારી માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને અમલીકરણ અધિકારીઓ સાથે કલેક્ટર કચેરીના સભાખંડમાં એક બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એમ. નાગરાજને લાભાર્થીઓને લાભોનુ યોગ્ય રીતે વિતરણ થાય અને સમગ્ર કાર્યક્રમ સુચારુ ઢબે યોજાય તે માટે સબંધિત અધિકારીઓને કામગીરી સોપણી કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી ર્ડા. હર્ષિદ ગોસાવીએ ઉપસ્થિત અધિકારીઓને મેળામાં લાભાર્થીઓની બેઠક વ્યવસ્થા, લાવવા લઈ જવા તેમજ આનુંષાંગિક તમામ બાબતતોનુ માર્ગદર્શન આપ્યુ હતુ.

મોડાસા ખાતે યોજાનારા જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં સિંચાઈ અને પાણી પુરવઠા( રાજય કક્ષાના )મંત્રી પરબતભાઈ પટેલ તેમજ ગુજરાત રાજય ઓધોગિક વિકાસ નિગમના અધ્યક્ષ બલવંતસિંહ રાજપૂત, સાંસદ સાબરકાંઠા-અરવલ્લી દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના જિલ્લા પ્રમુખ હંસાબેન પરમાર, ધારાસભ્યો ભિલોડા, મોડાસા, બાયડ અને લોકપ્રતિનિધિઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહી દરિદ્રનારાયણના હાથો હાથ લાભ તા ૮-૧-૨૦૧૯ મંગળવારના રોજ યોજાનારા ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૫૩૪૧ લાભાર્થીઓને રૂા. ૩ કરોડ ઉપરાંતની સાધન સહાય તેમજ ચેકોનુ વિતરણ કરવામાં આવશે. મોડાસાના મદાપુરકંપા એન્જીનીંયર કોલેજની પાછળ સવારે ૯-૩૦ કલાકે યોજાનાર ગરીબ કલ્યાણમાં અરવલ્લી જિલ્લાના છ તાલુકાની પ્રજાજનો લાભ મળી રહેશે જેવા કે ભિલોડા, મેઘરજ, ધનસુરા, બાયડ, માલપુર, મોડાસા, નગરજનો સમાવેશ થાય છે. આમ ગુજરાત સરકાર દ્વારા યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના આયોજનથી અરવલ્લી જિલ્લાની પ્રજાને રોજગારી મળી રહેશે.

# પ્રાંતિજના માર્કેટયાર્ડ પાસેથી પ્રાંતિજના યુવકની શંકા-કુશંકા સાથે મૃત હાલતમાં મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ માર્કેટયાર્ડ સામે પ્રાંતિજના યુવાનનો મૃતદેહ મળી આવતાં લોકોના ટોળીટોળા એકઠાં થઈ ગયા હતા. પ્રાંતિજ પોલિસે શંકા-કુશંકાઓ સાથે પોલિસે અકસ્માતનો ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.



પ્રાંતિજ માર્કેટયાર્ડ સામે આવેલ મચ્છીકેન્દ્ર પાસે સર્વિસ રોડ ઉપર વહેલી સવારે પ્રાંતિજના યુવક મોદી કૌશલભાઈ મહેન્દ્રભાઈ કે તેવો રેતી સપ્લાઈલરનો વેપાર કરે છે અને તેવો પોતાના એકટીવા સાથે પોતાના ઘરેથી રાત્રીના ૧૨ વાગ્યે કામ અર્થે નિકળ્યાં હતા અને પ્રાંતિજ માર્કેટયાર્ડ સામે વહેલી સવારે તેવો પોતાની એકટીવા સાથે મૃત હાલતમાં મળી આવતાં લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસને કરતાં પ્રાંતિજ પીઆઈ કે.બી. પટેલ, પીએસાઈ બી.એન. ચૌધરી સહિત પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

મૃતક યુવકનો મૃતદેહને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી. હાલ તો અકસ્માત કે મર્ડર તે ચર્ચાઓએ જોર પકડયું હતું ત્યારે એ તો પીએમ રીપોટ તથા પોલિસ તપાસ બાદ ખબર પડશે. ત્યારે હાલ તો પ્રાંતિજ પોલિસ દ્વારા મતૃક યુવકના પિતાની મહેન્દ્રભાઈ મોદીની ફરીયાદને આધારે પ્રાંતિજ પોલિસે અકસ્માતનો ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.




## ડીસા ખાતે આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા યોગ શિબિરનો પ્રારંભ

યોગ એ પ્રાચીન ભારતની ધરોહર છે. દેશના પ્રધાનમંત્રીએ સમગ્ર વિશ્વમાં યોગનો ખૂબ પ્રચાર પ્રસાર પણ કર્યો છે. ત્યારે માનવ જીવન માટે ખૂબ જ ઉપયોગી એવા યોગના પ્રચાર પ્રસાર માટે ડીસા સ્પોર્ટ્સ કલબ ખાતે આર્ટ ઓફ લિવિંગ દ્વારા ચાર દિવસની યોગ શિબિરનું આયોજન કરાયું છે. આજે આ યોગ શિબિરના પ્રથમ દિવસે ડીસા શહેરની જનતાએ કડકડતી ઠંડીમાં પણ વિશાળ સંખ્યામાં ભાગ લઈ યોગનો અભ્યાસ કર્યો હતો. યોગ માનવ જીવન માટે ખૂબ જ ઉપયોગી છે અને આજની ભાગદૌડવાળી જીવન શૈલીમાં યોગ માનસિક તાણ પણ દૂર કરે છે.. ત્યારે આ શિબિરમાં આર્ટ ઓફ લિવિંગના યોગ પ્રશિક્ષક શૈલેષભાઈ યોગનું પ્રશિક્ષણ આપી રહ્યા છે.

# હિંમતનગરના પોલો ગ્રાઉન્ડમાં ત્રણ દુકાનમાં ચોરી


હિંમતનગર, તા. ૩

હિંમતનગરના પોલો ગ્રાઉન્ડમાં ત્રણ દુકાનમાંથી ૧૯,૭૦૦ની મત્તાની ચોરી કરી ગયાની ફરિયાદ હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે ઈલોલ ગામના અકબરઅલી શાકીરઅલી ઢુંઢાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧ જાન્યુઆરીની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમની પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ દુકાનમાં પ્રવેશ કરી ૪ હજાર રોકડ તથા ત્રણ વિંટી ચોરી કરી લઈ ગયા હતા ઉપરાંત આ અજાણ્યા શખ્સોએ તેમની પડોશમાં આવેલ હૈદરઅલીની દુકાનમાંથી રૂ. ૧૫,૬૦૦નું એલીડી તથા ભોંયરામાં આવેલ ભરતભાઈ ભાભરોલીયાના ગોડાઉનમાંથી લોખંડની ટોમી મળી અંદાજે રૂ. ૧૯,૭૦૦ની મત્તાની ચોરી કરી લઈ જતા અકબરઅલી ઢુંઢાએ બુધવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. છેલ્લા ઘણા સમયથી હિંમતનગર સહીત જિલ્લાના અનેક સ્થળે ચોરીના અનેક બનાવો પોલીસના ચોપડે નોંધાતા હોવા છતાં કેમ જાણે પોલીસતંત્ર આવા શખ્સોને પકડવામાં નિષ્ફળ રહી છે તે સમજાતુ નથી. તો બીજી તરફ સામાન્ય ગુનામાં પકડાયેલા નાગરિકોને પોલીસ જાણે કે બહુ મટો ગુનો કર્યો હોય તેવો રોફ જમાવીને ધમકાવી નાખે છે. જેથી લોકોના જાનમાલની સલામતી માટે પોલીસતંત્રએ રાત્રી દરમ્યાન પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવું જોઈએ.

# માલપુર ગોવિંદપુરના યુવાનો દ્વારા વાત્રક જળાશયમાંથી રીવર્સ કેનાલ ચાલુ કરાવવાનું બીડું ઝડપ્યું

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાનો માલપુર તાલુકા વર્ષોથી પાણીની સમસ્યાથી ઘેરાયેલો છે. માલપુર નજીક વાત્રક જળાશય હોવા છતાં પીવાના પાણીથી લઈ સિંચાઈના પાણીની પ્રજાજનો અને ખેડૂતો ભારે તકલીફ અનુભવી રહ્યા છે. પ્રગતિ મંડળ અને ગ્રામજનો દ્વારા વિમલ પટેલની આગેવાની હેઠળ વાત્રક જળાશય અને ગોવિંદપુર સુધી આવતા વાધાનો સર્વે કરી સરકારમાં ફાઈલ મૂકી હતી અને તે યુવાનો દ્વારા સત્વરે આ રિવર્સ કેનાલ ચાલુ થાય તે માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. આ રિવર્સ કેનાલ માટે સરકાર દ્વારા જમીન



સંપાદન અથવા વધુ કોઈ ખર્ચો ના હોય અને ઓછા ખર્ચમાં આ સાત ગામોને પાણી મળી રહે તેવું વિમલ પટેલે જણાવ્યું હતું. આ અભિયાનમાં મોડાસા જાયન્ટ્સના મિત્રો નિલેશજોશી, નવનીત પરીખ અને ગોવિંદપુર પ્રગતિ મંડળના યુવાનો સાથે જઈ અરવલ્લી કલેકટર એમ. નાગરાજનને આવેદનપત્ર આપી સમગ્ર માહિતીથી માહિતગાર કર્યા હતા.

ત્યારે માલપુર તાલુકાના ગોવિંદપુર ગામના યુવાનો દ્વારા પોતાના ખર્ચે અને જાત મહેનતથી વાત્રક રિવર્સ જળાશયમાંથી રીવર્સ કેનાલ બનાવવાનું બીડું ઝડપ્યું છે. રિવર્સ કેનાલથી ગોવિંદપુર સહીત આજુબાજુના સાત ગામોના ૨૫૦૦ હેક્ટરથી વધુ જમીનને પિયતનો લાભ મળે અને તે ગામોમાં પીવાના પ્રશ્ર પણ હલ થાય તે માટે ગોવિંદપુર